મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓમાં સફાઈ કામદારો મારફત ભુગર્ભ ગટરની સફાઈની કામગીરી કરાવવા પર પ્રતિબંધ મુકવા અને સફાઈ કામદારોના અપમૃત્યુ- અકસ્માત રોકવા અંગે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: ઈએસટી/૧૩૨૦૦૧/૩૫૮૪/આર,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૦/૦૫/૨૦૧૯

**વંચાણે લીધા: -**

(૧) રીટ પીટીશન (સીવિલ) ક્રમાંક: ૫૮૩/૨૦૦૩ સંદર્ભમાં નામ. સુપ્રિમકોર્ટનો તા.૨૭.૦૩.૨૦૧૪ નો ચૂકાદો

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર નો તા.૧૬.૧૨.૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: ઈએસટી/૧૩૨૦૦૧/૩૫૮૪/આર

**પરિપત્ર:**

કેન્દ્ર સરકાર દ્વારા મેન્યુઅલ સ્કેવેન્જર્સની પ્રથા નાબુદ કરવા સંદર્ભે, "The Prohibition of Employment as Manual Scavengers and their Rehabilitation Act, 2013" તા.૧૯.૦૯.૨૦૧૩ થી અને તે હેઠળના "The Prohibition of Employment as Manual Scavengers and their Rehabilitation Rules, 2013" તા.૧૨.૧૨.૨૦૧૩ થી સમગ્ર દેશમાં અમલમાં મુકવામાં આવેલ છે. ઉક્ત અધિનિયમ અને નિયમોની જોગવાઈઓ મુજબ તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ / શહેરી – વિસ્તાર વિકાસ સત્તામંડળ વિસ્તારમાં ભૂગર્ભ ગટરોની સફાઈની કામગીરી માટે સફાઈ કામદાર/વ્યક્તિને ભૂગર્ભ ગટરમાં ઉતારવા માટે મનાઈ ફરમાવવામાં આવેલ છે. વધુમાં, ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ (૧) ઉપરના નામ. સુપ્રિમ કોર્ટના તા.૨૭.૦૩.૨૦૧૪ ના ચૂકાદાથી ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી અંગે તેમજ સફાઈ કામદારો અને તેમના કુટુંબીજનો માટેની મદદ/સહાય અંગેના પગલાં લેવા માટેના આદેશો આપવામાં આવેલ છે.

૨. કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલ ઉક્ત અધિનિયમ અને તે હેઠળના નિયમો તેમજ નામ. સુપ્રિમ કોર્ટ ના ચૂકાદાને ધ્યાને લઈને રાજ્ય સરકારે રાજ્યમાં આવેલ તમામ

C:\Users\hcl\Desktop\R branch\Paripatra-Manual Scavanger.docx

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ગાંધીનગર
ઈનવર્ડ નં....૫૫.....
તારીખ...17/5/19...

મહાનગરપાલિકાઓ/સત્તામંડળો/નગરપાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટરોની સફાઇની કામગીરી માટે કામદાર / વ્યક્તિને ગટરમાં ઉતરવા / ઉતારવાની સંપૂર્ણપણે મનાઈ ફરમાવવા ઉપરાંત ડ્રેનેજ સફાઈ માટેના આવશ્યક સાધનો અને ડ્રેનેજ લાઈન ચોકઅપ ન થાય તે માટેની વિગતવાર માર્ગદર્શક સુચનાઓ વિભાગના ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) ઉપરના તા.૧૬.૧૨.૨૦૧૬ ના ઠરાવથી આપવામાં આવી છે. તેમ છતાં, ઉક્ત સૂચનાઓનું મહાનગરપાલિકા / સત્તામંડળો/નગરપાલિકાઓ દ્વારા ચુસ્તપણે પાલન નહિ થવાને લીધે ડ્રેનેજની સફાઈની કામગીરી દરમિયાન સફાઈ કામદાર/વ્યક્તિના અપમૃત્યુ થવાના અનિચ્છનીય બનાવો ધ્યાને આવેલ છે, જે ખુબ જ ગંભીર બાબત છે.

૩. આથી, વિભાગના ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) ઉપરના તા.૧૬.૧૨.૨૦૧૬ ના ઠરાવ (નકલ સામેલ છે.) થી આપવામાં આવેલ સૂચનાઓ ઉપરાંત નીચે મુજબની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા તમામ મહાનગરપાલિકા / સત્તામંડળો તથા કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટીસ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અને તમામ પ્રાદેશિક કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટીસ ને જણાવવામાં આવે છે.

(૧) તમામ મહાનગરપાલિકા/ સત્તામંડળો / નગરપાલિકાઓએ તેમના સંબધિત વિસ્તારમાં ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી ઉપરાંત સફાઈ કામદાર/વ્યક્તિને ભૂગર્ભ ગટરમાં ઉતારવામાં ન આવે તે સુનિશ્ચિત કરવા માટે મહાનગરપાલિકા / સત્તામંડળોએ વર્ગ-૨ થી નીચેના નહી તેવા અધિકારીની અને નગરપાલિકાના કિસ્સામાં ચીફ ઓફીસર ની નોડલ અધિકારી તરીકે નિમણૂક કરવાની રહેશે તેમજ તેની જાણ અત્રે કરવાની રહેશે.

(૨) નોડલ અધિકારી તરીકે નિમાયેલ અધિકારીએ તેમના વિસ્તારમાં ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી ઉક્ત જોગવાઈ અનુસાર થાય તેની દેખરેખ અને કાળજી લેવા માટે આ કામગીરી સાથે સંકળાયેલ તેમની કચેરીના અધિકારી/કર્મચારીને અધિકૃત કરવાના રહેશે. વધુમાં, અધિકૃત કરાયેલ અધિકારી/કર્મચારીની ફરજ પરની ગેરહાજરી દરમિયાન આ કામગીરીની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૩) મહાનગરપાલિકા/ સત્તામંડળો/નગરપાલિકાના વિસ્તારમાં ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી જો આઉટ સોર્સીંગથી કરવામાં આવતી હોય તો, તે માટે નક્કી કરેલ એજન્સીને બીલનુ ચુકવણુ કરતા પહેલા ઉપરોક્ત અધિકૃત કરાયેલ અધિકારી/કર્મચારીની ઉપસ્થિતિમા આવશ્યક સાવચેતીના પગલા લઇને નિયમોનુસાર ભૂગર્ભ ગટરની સફાઇની

કામગીરી થયેલ છે તે મુજબ અધિકૃત કરાયેલ અધિકારી/કર્મચારી મારફત પ્રમાણિત કરાવવાનું રહેશે.

(૪) The Prohibition of Employment as Manual Scavengers and their Rehabilitation Act, 2013 અને તે હેઠળના The Prohibition of Employment as Manual Scavengers and their Rehabilitation Rules, 2013 ની જોગવાઈઓ મુજબ, મહાનગરપાલિકા / સત્તામંડળો /નગરપાલિકાના વિસ્તારમાં ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી માટે સફાઈ કામદારની ભૂગર્ભ ગટરમાં ઉતરવા/ઉતારવાની સંપુર્ણપણે મનાઈ ફરમાવવામાં આવેલ છે. અને આ પ્રકારે ભૂગર્ભ ગટરમાં ઉતરવું કે કોઈને ઉતારવા માટે ફરજ પાડવાને ગેરકાયદેસર કૃત્ય ગણવામાં આવે છે. આથી આ સૂચનાઓનુ ઉલ્લંઘન થયેથી મહાનગરપાલિકા/ સત્તામંડળો / નગરપાલિકાના આ હેતુસર અધિકૃત કરાયેલ અધિકારી/કર્મચારી અને નોડલ ઓફીસર તેમજ જો આવી સેવાઓ આઉટ સોર્સિંગથી લેવાયેલ હશે તેવા કેસમાં ઉક્ત અધિકારીઓ/કર્મચારીઓ ઉપરાંત, સંબધિત કોન્ટ્રાક્ટર સામે ફોજદારી રાહે પગલાં લેવાના રહેશે.

(૫) મહાનગરપાલિકા/ સત્તામંડળો/ નગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ ખાનગી સોસાયટીઓ/સંસ્થાઓ (જેવી કે, હોટલ, રેસ્ટોરાં, હોસ્પીટલ, પેઢીઓ, કારખાના વગેરે) એ ભૂગર્ભ ગટરની સફાઈ માટે કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ ઉકત અધિનિયમ અને તે હેઠળના નિયમો તેમજ નામ. સુપ્રીમ કોર્ટે તા.૨૭.૦૩.૨૦૧૪ ના ચૂકાદાથી આપેલ આદેશોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે. આ અંગે મહાનગરપાલિકા/ સત્તામંડળો/નગરપાલિકાઓએ ઉક્ત જોગવાઈઓ અને સૂચનાઓ થી સંબધિતોને વાકેફ કરવા માટે સમયાંતરે બહોળી પ્રસિદ્ધિ આપવાની રહેશે. ઉક્ત જોગવાઈઓ/સૂચનાઓનું ખાનગી સોસાયટીઓ/સંસ્થાઓ દ્વારા ઉલ્લંઘન થયેથી તેમના હોદ્દેદારો / માલિકો સામે ફોજદારી રાહે પગલા ભરવાના રહેશે અને નામ. સુપ્રીમ કોર્ટના ઉક્ત ચૂકાદાથી આપવામાં આવેલ આદેશો મુજબ ચૂકવવા પાત્ર વળતરની સંપુર્ણ રકમ સંબધિત હોદ્દેદારો/માલિકોએ ભોગવવાની રહેશે.

(૬) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) પરના તા.૧૬.૧૨.૨૦૧૬ ના ઠરાવની જોગવાઈઓ મુજબ, ચોમાસુ પૂર્ણ થાય કે તરત જ તેના ત્રણ માસ (ઓક્ટોબર/નવેમ્બર/ડીસેમ્બર) માં ભૂગર્ભ ગટરોની ડીસિલ્ટીંગની કામગીરી પૂર્ણ કરવાની રહે છે. સાથોસાથ ચોમાસુ શરૂ થાય તે પહેલા પણ આ કામગીરી અચૂકપણે પૂર્ણ

કરીને તે અંગેનું પ્રમાણપત્ર સંબધિત પ્રાદેશિક કમિશનરશ્રી, નગરપાલિકાઓને મોકલી આપવાનું રહેશે.

(૭) ઉક્ત તા.૧૬.૧૨.૨૦૧૬ ના ઠરાવના ફકરા ક્રમાંક: ૧૦ મુજબ મેન હોલ ભરાય ન જાય અને ડ્રેનેજ લાઇન ચોક અપ ન થાય તે માટેના પગલા લેવા અંગેની વિસ્તૃત માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવેલ છે. તેમા ભુગર્ભ ગટરની સફાઈની કામગીરી માટેના સાધનો વસાવવા માટેની સૂચનાઓ આમેજ કરવામાં આવેલ છે. તમામ મહાનગરપાલિકાઓ/સત્તામંડળોએ ભૂગર્ભ ગટરની સફાઈ માટેના ઉપલબ્ધ સાધનોની નોડલ અધિકારી મારફત ભૌતિક ચકાસણી કરાવીને તેની યાદી આ વિભાગને અને નગરપાલિકાના કિસ્સામાં આવી યાદી દિન-૨૧ માં સંબધિત પ્રાદેશિક કમિશનરશ્રી, નગરપાલિકાઓને મોકલી આપવાની રહેશે.

(૮) ભારત સરકાર દ્વારા પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬ અમલમાં મુકવામાં આવેલ છે. અનુભવે એવુ જણાયેલ છે કે, પ્લાસ્ટીક વેસ્ટના કારણે ભૂગર્ભ ગટરો ચોક અપ થઈ જવાના બનાવો બનવા પામે છે. જેથી આવી પરિસ્થિતિનું નિર્માણ થતુ અટકાવવા માટે ઉક્ત નિયમોની જોગવાઈનું ચુસ્ત પણે પાલન કરવા સંબધિત સર્વેને આથી જણાવવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી હુકમથી અને તેમના નામે

(ભક્તિ શામળ)
નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રી ના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (શહેરી ગૃહ નિર્માણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી, (શ.વિ.) , શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ કલેક્ટરશ્રીઓ
- કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટીસ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ પ્રાદેશિક કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટીસ,
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે ચીફ ઓફીસરશ્રીઓ (કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટીસ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત)
- શાખા સિલેક્ટ ફાઈલ/ના.સે.અ. સી.ફા.

7/9

ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં સફાઈ કામદારો મારફત ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી કરાવવા પર પ્રતિબંધ મૂકવા અને સફાઈ કામદારોના અપમૃત્યુ-અકસ્માત રોકવા અંગે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આપવા બાબત

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-ઇએસટી/૧૩૨૦૦૧/૩૫૮૪/આર
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૬/૧૨/૨૦૧૬

વંચાણે લીધા:-

(૧) ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એકટ-૨૦૧૩, તા.૧૯/૦૯/૨૧૩ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન રૂલ્સ-૨૦૧૩, તા.૧૨/૧૨/૨૦૧૩

(૨) મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે મળેલ તા.૩/૨/૨૦૧૪ ની સમીક્ષા બેઠકની કાર્યવાહી નોંધ

(3) નામ.સુપ્રિમકોર્ટની રીટ પ્રીટીશન (સીવીલ) નં.૫૮૩/2003નું તા.૨૭/03/૧૪ નું જજમેન્ટ.

## ઠરાવ:-

ભારત સરકાર દ્વારા મેન્યુઅલ સ્કેવેન્જર્સ એકટ-૧૯૯૩ ને રદ કરી, મેન્યુઅલ સ્કેવેન્જર્સની પ્રથા જડમૂળથી નાબૂદ કરવા વધુ અસરકારક જોગવાઇઓ સાથે વંચાણે લીધેલ (૧) થી "ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન એકટ-૨૦૧૩, તા.૧૯/૯/૨૦૧૩ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન રૂલ્સ-૨૦૧૩, તા.૧૨/૧૨/૨૦૧૩" થી

નવો કાયદો અને નિયમો બનાવેલ છે જેના અસરકારક અમલીકરણ માટે રાજય સરકારે જુદા જુદા વિભાગો/ખાતાઓના વડાઓની મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષતામાં તા.૩/૨/૨૦૧૪ ના રોજ રીવ્યુ બેઠક રાખવામાં આવેલ હતી. આ બેઠકમાં લેવામાં આવેલ નિર્ણયો અનુસાર નીચે મુજબની કાર્યવાહી કરવા માટે પુખ્ત વિચારણા અંતે ઠરાવવામાં આવે છે :

(૧) રાજયમાં આવેલ તમામ મહાનગરપાલિકા/નગરપાલિકાઓના હદમાં આવેલ તથા સંચાલિત ભૂગર્ભ ગટરોની સફાઈની કામગીરી માટે માણસ(કામદાર) ને ભૂગર્ભ ગટરમાં ઉતરવા/ઉતારવાની સંપૂર્ણપણે મનાઈ ફરમાવવામાં આવે છે. આ પ્રકારે ભૂગર્ભ ગટરમાં ઉતરવું કે કોઈને ઉતારવા માટે ફરજ પાડવાને ગેરકાયદેસર કૃત્ય ગણવામાં આવે છે. આ તમામ સંસ્થાઓએ ભૂગર્ભ ગટરની તેમજ ખાળકૂવાની સફાઈની કામગીરી માટે યાંત્રિક સાધનોનો જ ફરજિયાતપણે ઉપયોગ કરવા તેમજ પોતાના બાંધકામના નિયમોમાં આ અંગે જરૂરી સુધારો કરવા સંબંધિત સર્વેને આથી જણાવવામાં આવે છે. ઉકત સૂચનાઓનું ચુસ્તપણે અમલીકરણ થાય તે જોવાની અંગત જવાબદારી સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/ચીફ ઓફીસરશ્રીની રહેશે.

(૨) ઉપરની સૂચનાઓનું જયારે પણ ઉલ્લંઘન થાય ત્યારે જવાબદાર તમામ સામે ફોજદારી ગુનો દાખલ કરવાનો રહેશે.

(૩) ડ્રેનેજ સફાઈ વખતે નીચે મુજબના સાધનો ફરિજયાતપણે ઉપલબ્ધ રાખવાની જોગવાઈ કોન્ટ્રાકટના દસ્તાવેજમાં કરવી અને તેનો ચુસ્તપણે અમલ થાય તે સુનિશ્ચિત કરવું.

(1) જેટિંગ મશીન અને ગલી એમ્પ્ટીયર (ડ્રેનેજ લાઈન અને મેનહોલના સ્પેસીફીકેશન મુજબ

(2) સળીયા (૯૦ નંગ), વાંકિયું (૩ નંગ), પાટા, જરૂરી પાનાનો સેટ

(3) મોટી ટોર્ચ

(4) ઓકિસજન માસ્ક સિલિન્ડર સાથે (૨ નંગ)

(5) ગ્રેબ બકેટ (મેન્યુઅલ) (૪ નંગ)

(6) હાઈડ્રોલિક ગ્રેબ બકેટ પેડલ રિક્ષા સાથે (૨ નંગ)

(7) ૫ એચ.પી. ફાઈટર (૩ નંગ)

(8) કપૂરની ગોટી, સાબુ

(9) સીલ્ટ ઉપાડીને લઈ જવાની રીક્ષા/ટ્રેકટર/ડમ્પર

(10) લીટમસ પેપર

(11) મહાનગરપાલિકા/નગરપાલિકા જેને જરૂરી લાગતાં હોય તેવા અન્ય જરૂરિયાતના યાંત્રિક સાધનો/વસ્તુઓ

(૪) યાંત્રિક સાધનો ધ્વારા ભૂગર્ભ ગટરની સફાઈ માટે ફરજિયાતપણે ટ્રેઈન્ડ લેબરનો આગ્રહ રાખવો અને તેનું ચુસ્તપણે પાલન કરાવવું.

(૫) યાંત્રિક સાધનો વડે સફાઈ કરનાર કર્મચારીઓને સેફટી માટેના તમામ સાધનો પૂરા પાડવાનું ધોરણ ફરજિયાત બનાવવું.

(૬) અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ સફાઈ કામગીરી વખતે મહાનગરપાલિકા/નગરપાલિકાના જવાબદાર અધિકારી, સુપરવાઈઝર સતત હાજર રહે તેવી તકેદારી રાખવી.

(૭) મહાનગરપાલિકા/નગરપાલિકા મેનહોલ સફાઈ કામદારોને યાંત્રિક સાધનોનો વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ કરવા બાબતે સમજ આપવા માટેના તાલીમ કાર્યક્રમો રાખવા.

(૮) અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજમાંથી જે સીલ્ટ (કાદવ) બહાર કાઢવામાં આવે તેને રોડ ઉપર મૂકી રાખવાને બદલે સીધો જ ક્રેટમાં કાઢવામાં આવે અને કાટિંગ સાઈટ પર લઈ જવામાં આવે તેવી સૂચના આપવી અને તેનો ચુસ્તપણે અમલ કરાવવો.

(૯) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ધ્વારા કામદારોની મંડળીને તેઓ સ્વતંત્ર ધંધો કરી શકે તે માટે આર્થિક સહાય અને લોન આપવામાં આવે છે. આવી સફાઈ કામદારોની મંડળી દરેક મહાનગરપાલિકા/નગરપાલિકામાં બનાવવા વિચારવું અને આવી મંડળીઓ બનાવી, રજિસ્ટર્ડ કરાવી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમને દરખાસ્ત મોકલવી, જેથી નિગમ આવી મંડળીઓ ડ્રેનેજ સફાઈમાં યાંત્રિક સાધનો ખરીદવા માટે સહાય અને લોન આપી શકે. મહાનગરપાલિકા/નગરપાલિકા આવી મંડળીને કામ આપી શકે, જેનાથી આવા સફાઈ કામદારો અસ્વચ્છ ધંધામાંથી બહાર આવે અને પોતાના જીવનનિર્વાહ માટે જરૂરી રોજી મેળવી શકે.

**(૧૦) મેનહોલ ભરાઈ ન જાય અને ડ્રેનેજ લાઈન ચોક અપ ન થાય તે માટેની ગાઈડ લાઈન :-**

(1) ચોમાસામાં વરસાદી પાણીનો નિકાલ સ્થાનિક રહીશો ધ્વારા ડ્રેનેજ લાઈનના મેનહોલના ઢાંકણાં ખોલીને કરવામાં આવતું હોવાનું ઘટનાઓ સરકારના ધ્યાને આવતી હોય છે. તેને લીધે માટી કીચડ, પ્લાસ્ટીક, પાંદડાં, કાગળીયા, કાંકરા વિગેરે બધા જ સોલીડ વેસ્ટ ડ્રેનેજ લાઈનમાં જાય છે અને ડ્રેનેજ લાઈન ચોકઅપ થાય છે. પંપીંગનો ખર્ચ પણ વધે છે. આથી દરેક રોડ ઉપર

સ્ટોર્મ વોટર ડ્રેઇનેજ અલગ જોગવાઈ કરવી. આ માટે કન્સલટન્ટ ધ્વારા વિસ્તારનો સર્વે કરી જયાં જયાં વધારાની સ્ટોર્મ વોટર ડ્રેઈનેજ નાંખવાની જરૂર હોય ત્યાં સ્ટોર્મ વોટર ડ્રેઈનેજ નવી નાંખવી, વરસાદી ૠતુ દરમ્યાન રસ્તા પર જો બિલ્ડીંગ મટીરીયલ્સ પડી રહેલું જણાય તો જવાબદારો સામે કડક કાર્યવાહી કરવી જેમ કે, આવું મટીરીયલ્સ હટાવવાનો ખર્ચ અને દંડ વસૂલ કરવા.

(2) ડ્રેનેજ લાઈનનું ડીસીલ્ટીંગ ચોમાસાની શરૂઆત થાય તેના ત્રણ મહિના પહેલા (માર્ચ-એપ્રિલ-મે મહિનામાં) કરાવવામાં આવે છે તેના બદલે ચોમાસું પૂરું થાય કે તરત જ (ઓકટોબર, નવેમ્બર, ડિસેમ્બર) મહિનામાં અર્થાત શિયાળામાં જ કરાવી લેવું.

(3) ડ્રેનેજ-સ્ટ્રોર્મ વોટર ડ્રેઈનમાં દર ૧૦૦ મીટરે વેન્ટીલેશન પાઈપ ફરજીયાત કરવો જેથી ગેસ મેનહોલમાં ભરાઈ ન રહે.

(4) લાઈનો સાફ કરવા માટે જેટીંગ મશીનનો ઉપયોગ કરવો જયારે મેનહોલ સાફ કરવા માટે ગલ્પર/ડીપ સકશન મશીનનો ઉપયોગ કરવો.

(5) લાઈનમાં સામાન્ય ચોકીંગ જણાતું હોય તો તેના વરમ તથા ભાલા પાના વગેરેનો ઉપયોગ કરી લાઈનોનું ચોકીંગ દૂર કરી શકાય.

(6) ગેરકાયદેસર કતલખાનાનો વેસ્ટ, હોસ્પિટલનો વેસ્ટ અને સ્ટ્રીટ વેન્ડર્સ (શેરી ફેરીયા) ધ્વારા સાંજે ફેંકી દેવામાં આવતો વેસ્ટ સામાન્ય રીતે ગટરમાં જતો હોય છે તેને અટકાવવા જરૂરી હોય તેવા તમામ પગલાં લેવા અને આવા પગલાં લેવા માટે દરેક મહાનગરપાલિકા/નગરપાલિકા બાંધકામ/સફાઈ અંગેના નિયમોમાં જરૂરી જોગવાઈ કરવી. વહીવટી ચાર્જ અને દંડ લેવાની તેમજ અતિગંભીર કેસોમાં ફોજદારી ફરિયાદ દાખલ કરવાની પણ જોગવાઈ કરવી.

(7) દરેક ઘરની ગલી ટ્રેપ/ચેમ્બરમાં ફરજિયાત જાળીયા મુકાવવા, ગલી ટ્રેપની અંદર જાળી રખાવવી અને બાથરૂમમમાંથી કે ચોકડીમાંથી માટી, પ્લાસ્ટીક, કપડાના ડૂચા વિગેરે અંદર ન જાય તે માટે દર અઠવાડીયે એકવાર ગલીટ્રેપની જાળી સળીયાથી સાફ કરાવવી.

(8) ઈન્ડસ્ટ્રીયલ ફેકટરીના દરેક આઉટલેટ પર ફાઈનલ ચેમ્બર પહેલાં સ્ક્રીન ચેમ્બર મુકવાની ફરજ પાડવી.

(9) હોટલ, રેસ્ટોરન્ટ વિગેરે જેવી ખાદ્ય પદાર્થોની દુકાનોના આઉટલેટ ઉપર ગ્રીઝ ચેમ્બરની વ્યવસ્થા રાખવા માટે સંબંધિત હોટલ/રેસ્ટોરન્ટને ફરજ પાડવી. તે સિવાય હોટલ ચાલુ હોય તો સીલ કરવી. હોટલનો વેસ્ટ કચરાપેટી સુધી જાય તે અંગેની સઘળી વ્યવસ્થા રાખવા માટે પણ જે તે હોટલ/રેસ્ટોરન્ટને ફરજ પાડવી.

(10) મેનહોલના ઢાંકણા વ્યવસ્થિત રીતે બંધ રહે તેની કાળજી રાખવી.

(11) સ્થાનિક રહીશો કે કોઈ પણ સરકારી/અર્ધ-સરકારી સંસ્થાના સ્ટાફ મારફત વરસાદી પાણીના નિકાલ માટે ગટર લાઈનના મેનહોલમાં બાકોરા ન પાડવામાં આવે તેનું ધ્યાન રાખવું.

(12) સુઅર જેટીંગ મશીન તથા બકેટ મશીનનો ઉપયોગ કરી લાઈનોનું રૂટીન (પ્રિવેન્ટીવ) મેઈન્ટેનન્સ કરવું.

(13) મેનહોલના ઢાંકણ બદલતી વખતે તેમજ સ્થાનિક રહીશોને ગટર લાઈનમાં જોડાણ આપતી વખતે રોડાં, સીમેન્ટ, રેતી વિગેરે માલસામાન મેનહોલની અંદર ન જાય તેની કાળજી રાખવી તથા જાય તો તેને તાત્કાલિક બહાર કઢાવી લેવા.

(14) મેનહોલમાં કરવામાં આવતા ગેરકાયદેસર કનેકશનો અટકાવવા

(15) જૂની લાઈનોનો લાઈફ સાયકલનું એનાલીસીસ કરાવી જરૂર જણાય તો તેને બદલવા અને તેની ક્ષમતા વધારતી લાઈનો નાંખવી.

(16) ડ્રેનેજ લાઈન વર્ષો જૂની હોવા અને વસ્તી વધારાના કારણે ઓવર લોડેડ બને છે તેને લીધે ઓવર ફલોના પ્રશ્નો થાય છે. આ માટે જરૂર પડે રીલીફ સુઅર નાંખવી જેથી ફરિયાદો ઓછી થાય અને મેન્ટેનન્સનો ખર્ચ પણ ઘટે.

(17) ભવિષ્યમાં નવી નંખાનાર ગટર લાઈનો માટે વૈજ્ઞાનિક દષ્ટિકોણથી આવતા ૪૦-૫૦ વર્ષોનું આયોજન કરી તેની ડીઝાઈન વિગેરે નિષ્ણાંત પાસે તૈયાર કરાવ્યાં બાદ જ નાંખવામાં આવે તેની ખાસ કાળજી રાખવી.

(18) ડ્રેનેજ લાઈન ઉપરાંત ખાળકૂવાની સફાઈ કામગીરી દરમ્યાન પણ ગેસના કારણે સફાઈ કામદારના મૃત્યુ થતાં હોવાનું જોવા મળેલ છે. જેથી દરેક મહાનગરપાલિકા/નગરપાલિકાએ બાંધકામ નિયમો/પેટા નિયમોમાં આ માટે યોગ્ય જોગવાઈ કરવી અને ખાળકુવા સફાઈ માટે પણ યાંત્રિક સાધનોનો જ ફરજીયાત ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવું.

(૧૧) સફાઈ કામદારો માટે જીવનવીમો ઉતારવા બાબતે ખાસ સૂચના :-

"ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન એકટ-૨૦૧૩, તા.૧૯/૯/૨૦૧૩ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન રૂલ્સ-૨૦૧૩, તા.૧૨/૧૨/૨૦૧૩" માં સફાઈ કામદારો માટે રકમ રૂ.૧૦.૦૦ લાખના વીમાની જોગવાઈ રાખવામાં આવેલ છે. માટે જો સફાઈ કામનો કોન્ટ્રાકટ સ્થાનિક સંસ્થા દ્વારા કોઈ એજન્સી કે કોન્ટ્રાકટરને આપવામાં આવેલ હોય તો સંબંધિત કોન્ટ્રાકટર દ્વારા રૂ.૧૦.૦૦ લાખનો વીમો સફાઈ કર્મચારી દીઠ લેવો ફરજિયાત છે તેવી જોગવાઈ આવા કોન્ટ્રાકટમાં અચૂક કરાવવી.

મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ ગટરોની સફાઇની કામગીરી સાથે સંકળાયેલ સફાઇ કામદારોનો રૂ.૧૦.૦૦ લાખનો વિમો ફરજિયાત લેવાનો રહેશે. અને જો વિમો લીધેલ ન હોય તો ગટરોની સફાઇની કામગીરી સાથે સંકળાયેલ સફાઇ કામદારોનો આ કામગીરી દરમ્યાન મૃત્યુ થાય તો રૂ.૧૦.૦૦ લાખનું વળતર મહાનગરપાલિકા/નગરપાલિકાના સ્વભંડોળમાંથી ચુકવવાનું રહેશે.

ઉકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે મુજબનો અહેવાલ દરેક મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ શહેરી વિકાસ વિભાગને અને ચીફ ઓફીસરશ્રીએ નિયામકશ્રી નગરપાલિકાને દર ત્રણ માસે મોકલવાનો રહેશે, અને નિયામકશ્રી નગરપાલિકાએ આ વિભાગને સમયાંતરે મોકલવાનો રહેશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યોગેશ રાવલ)
નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,

- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી, (શહેરી વિકાસ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ અને ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન.

- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર.
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત શહેરી વિકાસ કંપની, ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રી (શહેરી વિકાસ), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ અને સર્વે શાખાઓ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સામાજીક કલ્યાણ, ગાંધીનગર.
- પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજય, રાજકોટ/વડોદરા/ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- સર્વે જીલ્લા કલેકટરશ્રી.
- સર્વે જીલ્લા મ્યુનિસિપલ અધિકારીશ્રી.
- સવે ચીફ ઓફીસરશ્રી (નિયામકશ્રી નગરપાલિકાઓ દ્વારા).
- સિલેકટ ફાઇલ.

14/05/19
3:00 pm